જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૬/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૦૪૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૧૩	૧	૧૧૫૧૪	૧૭૬૩૨	૧	૧૭૬૩૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૦	૦	૯૦	૩૧૭	૦	૩૧૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૫૧૭૭	૨૪૮	૫૫૪૨૫	૫૫૮૦૪	૨૪૯	૫૬૦૫૩
કુલ		૭૧૪૮૮	૨૪૯	૭૧૭૩૭	૭૯૯૬૬	૨૫૦	૮૦૨૪૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૫૬	૨,૮૬,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯૩૫	૧૯,૩૫,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૪૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૩૭૩ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦,૯૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૪૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૧૦૫૦/૨૦૨૧**

નરોડાઃ શૈલેષકુમાર જયંતીલાલ લાડાણી (રહે.સિધ્ધનાથ એપાર્ટમેન્ટ વૈભવ હોલ પાછળ ધોડાસર ઈસનપુર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૬/૨૦૨૧ રાતના ૭/૦૦ થી તા.૧૨/૦૬/૨૦૨૧ કલાક ૯/૧૫ વાગ્યા દરમ્યાન “શ્રીજી એસ્ટેટ” પહેલા માળે દુકાન નંબર એફ,એફ/૩૨-૩૩ “ઓમ માર્ટ” નામની પોતાની દુકાનનુ શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી અલગ-અલગ કંપનીની પેન ડ્રાઈવ નંગ-૧૪૪ કિમત રૂપિયા ૮૪,૧૫૦/-, અલગ-અલગ કપનીના મેમરી કાર્ડ નંગ-૩૬ કિમત રૂપિયા ૨૫,૩૫૦/- અને ટેબલના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૯,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

લુંટ :- **સમાચાર યાદી નં.૧૦૫૧/૨૦૨૧**

ખોખરાઃ ભાવેશકુમાર છગનભાઇ સોલંકી (રહે.લાલભાઇ સેન્ટર હાટકેશ્વર ખોખરા) તા.૧૧/૦૬/૨૦૨૧ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે રહેણાંકના ગેટ આગળ પોતાના જ્યુપિટર સ્કુટર નંબર જીજે ૦૮ સીએફ ૬૫૯૭ ઉપર બેસી તેમના મોબાઇલ ફોનમા વિડિયો જોતા હતા ત્યારે એક અજાણ્યો પુરૂષ ભાવેશભાઇ પાસે આવી છરી બતાવી મોબાઇલ ફોન કિમત રૂપિયા ૪૦૦૦/- અને જ્યુપિટર સ્કુટર કિમત રૂપિયા ૭૦,૦૦૦/- લુંટ કરી નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ભાવેશભાઇ સોલંકીએ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.હડિયા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૦૫૨/૨૦૨૧**

વેજલપુરઃ વિશાલભાઇ નાગેન્દ્રકુમાર શાહ (રહે.યશનીધી એપાર્ટમેન્ટ સરસ્વતી સોસાયટી જૈન મરચન્ટ સોસાયટી પાસે પાલડી) તા.૧૨/૦૬/૨૦૨૧ સાજના ૬/૧૫ વાગ્યાના સુમારે સરખેજ રોડ રોયલ અકબર ટાવર ત્રણ રસ્તા નજીકથી કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે બે અજાણ્યા પુરૂષ કાર નજીક આવી "કારમાંથી ઓઈલ ટપકે છે" તેમ કહેતા વિશાલભાઈ કારમાંથી ઉતરી ઓઈલ ચેક કરતા હતા ત્યારે તેમની નજર ચુકવી બે પુરૂષ કારમાથી લેપટોપ બેગ ચોરી કરી લઇ ગયા હતા. જેમા ડેલ કંપનીનું લેપટોપ કિમત રૂપિયા ૩૫,૦૦૦/- અને અગત્યના દસ્તાવેજ હતા. આ અંગેની ફરીયાદ વિશાલભાઇ શાહ એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી કીરણકુમાર પરષોત્તમભાઈ ચલાવે છે.

ચોથા માળથી પડી જતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૦૫૩/૨૦૨૧**

સરખેજઃ સરખેજ મકરબા સુપર બેકરી સામે પ્રધાન મંત્રી આવાસ યોજનાની નવી બનતી સાઇડ ઉપર રહેલા અને ત્યાં જ મજુરી કામ કરતા મંજુલાબહેન ડો/ઓ તોલીયાભાઇ ભુરીયા (ઉ.વ.૨૦) (મુળ વતન. ગામ ઉસવાળીયા તા.જી.દાહોદ) તા.૧૨/૦૬/૨૦૨૧ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે સાઇડ ઉપર ચોથા માળે કામ કરતા હતા ત્યારે લીફટની વેલ (ડ્ક) માં નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.ડોડીયા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૦૫૪/૨૦૨૧**

બાપુનગરઃ વૈભવભાઇ ખેમચંદભાઇ પરમાર (ઉ.વ.૨૭) (રહે. લાલબહાદુર શાસ્ત્રી એપાર્ટમેન્ટ બાપુનગર) એ બીમારીથી કંટાળી તા.૧૧/૦૬/૨૦૨૧ રાતના ૧૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાતા સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ વૈભવભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિહ અર્જુનસિહ ચલાવે છે.

વટવા જી.આઇ.ડી.સીઃ કૌશિકભાઇ લવજીભાઇ મકવાણા (ઉ.વ.૬૨) (રહે. આનંદ એપાર્ટમેન્ટ હાથીજણ એસ.પી.રીંગ રોડ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૬/૨૦૨૧ કલાક ૧૦/૨૦ વાગ્યા પહેલા જીઆઇડીસી વટવા ફેઝ-૪, શેડ નં.૧૨/૧. શકરીબા એસ્ટેટ સોનલ એંન્જીનીયરીંગ વર્ક્સ ખાતે શેડમા ચેઇનકંપા સાથે પ્લાસ્ટીકનો પટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જી.આઇ.ડી.સી. પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલભાઇ ગોવિંદભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી